# ૧૮૫૭ની ક્રાંતિ : બળવો કે સ્વાતંત્ર્ય સંગ્રામ?



**સ્વામી સચ્ચિદાનંદ**
દંતાલી આશ્રમ

બધા લોકો એને બળવો કહે છે. રાષ્ટ્રવ્યાપી બળવો! મારું પણ માનવું છે કે એ બળવો જ હતો અને બળવા બાદ જે પરિણામ આવ્યું એ સારું જ આવ્યું. જો અંગ્રેજોની જગ્યાએ ફરી મુઘલ સામ્રાજ્ય આવ્યું હોત તો ભારતમાં રાજા રજવાડાઓના એ જ યુદ્ધો અને અંદર અંદરની હુંસાતુંસી ચાલુ રહી હોત. અંગ્રેજોએ ત્યારબાદ ૭૦ વર્ષના તેમનાં શાસનમાં ઘણું બધું આપ્યું.



**શીરીન મહેતા**
જાણીતા લેખિકા

આ વિષય ચર્ચા માગી લે તેવો છે. આને ફક્ત સિપાઈઓનો બળવો ના કહી શકાય. એ સમયે બ્રિટિશરોની મૂડીવાદી નીતિઓને કારણે ખેડૂતો, જમીનદારો, જાગીરદારો વગેરેમાં ભારે રોષ અને અસંતોષ હતો એટલે આવા સૌ અસંતુષ્ટોએ ભેગા મળીને આ લડાઈ લડી હતી. જો કે આ લડાઈને રાષ્ટ્રીય સ્વતંત્રતા સંગ્રામ પણ ના કહી શકાય કારણ કે આખાયે દેશમાંથી સમર્થન પ્રાપ્ત ન હતું. હું આને ભારતની સામંતશાહીનો છેલ્લો ઘા કહીશ.



**પી. કે. લહેરી**
ચેરમેન, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.

૧૮૫૭ની એ લડાઈ બેશક આપણી આઝાદી માટેની લડાઈ હતી. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. ઇતિહાસકારોએ જે કહ્યું છે તેમાં તેમના પોતાના મતો ને પૂર્વગ્રહો છે.



**ઈલાબેન ભટ્ટ**
સામાજિક કાર્યકર

આ વિવાદ જ સાવ અસ્થાને છે. એ વખતે લોકોએ જે માથાં ઊંચક્યાં. જે હિંમત દાખવી અને જે કુરબાનીઓ આપી આપણને તો એનું ગૌરવ હોવું જોઈએ. એ વિપ્લવ બળવો હતો કે સ્વાતંત્ર્ય સંગ્રામ એવા નકામા વિવાદમાં પડવાની કોઈ જરૂર નથી. આ કામ ઇતિહાસકારોનું છે.



**ડૉ. ચંદ્રકાંત મહેતા**
જાણીતા લેખક

એને બળવો ના કહી શકાય. એ તો સ્વાતંત્ર્ય પ્રગતિનું પહેલું કિરણ હતું. આઝાદીની પહેલી અભિપ્સા. હું એને ભારતની સ્વાતંત્ર્ય પ્રગતિના પ્રયત્નોનું પહેલું પ્રભાત કહીશ જેનો ૧૯૪૭માં સૂર્યોદય થયો.



**પારુ જયકૃષ્ણ**
પ્રમુખ, ગુજરાત ચેમ્બર ઓફ કૉમર્સ

૧૮૫૭ની ક્રાંતિ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. કોઈ પણ દબાયેલો વ્યકિત કે દેશ પોતાની મુક્તિ માટે અવાજ ઉઠાવે જ છે. દરેક દેશ માટે સ્વતંત્ર હોવું એ તેનો હક છે એટલે જ એ ક્રાંતિ આપણી સ્વતંત્રતાના હક્કને મેળવવા માટેની જ હતી. આ ક્રાંતિએ જ ભારતની આગામી રાહ નક્કી કરી હતી.



**અમરતભાઈ મોદી**
મંત્રી, ગાંધી આશ્રમ

૧૮૫૭ની એ ઘટના પૂર્ણપણે સ્વાતંત્ર્ય સંગ્રામ જ હતી. જો કે તેને ભારતના સમગ્ર લોકોનું સમર્થન ન હતું. પણ તેનો ઉદ્દેશ તો સ્વતંત્રતા જ હતી.





**દિનેશ શુક્લ**
**રાજનૈતિક વિશેષજ્ઞ**

૧૮૫૭ની એ લડાઈને ન તો બળવો કહી શકાય કે ન તો સ્વાતંત્ર્ય સંગ્રામ. એ ક્રાંતિ આ બંનેની વચમાં ક્યાંક સ્થાન પામી શકે. આ લડાઈની શરૂઆત સૈનિકોએ કરી, પરંતુ રાજાઓ, જમીન-જાગીરદારો, સૌએ પોતાનાં છીનવાયેલાં રાજપાટને પાછું મેળવવા તેમાં ભાગ લીધો હતો. જો કે તેને સ્વાતંત્ર્ય સંગ્રામ પણ ના કહી શકાય કારણકે આનો જુવાળ આખાયે દેશમાં એક સાથે ફેલાયેલો ન હતો. આ લડાઈમાં આજે જેને આપણે 'દેશ' સમજીએ છીએ તેવી ભાવના જ ન હતી.



**સુભાષ બ્રહ્મભટ્ટ**
**પ્રિન્સિપાલ - એચ. આર્ટ્સ કોલેજ**

હું સ્પષ્ટપણે માનું છું કે ૧૮૫૭ની એ લડાઈ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. એની મૂળભૂત યોજના તો રાજાઓએ જ બનાવી હતી. તે સમયના ભારતીય લશ્કરે તો તેમાં ફક્ત ભાગ જ લીધો હતો. ગુજરાતના આદિવાસીઓ પણ આ લડાઈમાં મોટા પ્રમાણમાં હિસ્સેદાર હતા. હકીકતમાં તો અંગ્રેજીમાં પુસ્તક લખનાર કહેવાતા ઈતિહાસકારોએ જ આ સ્વાતંત્ર્ય સંગ્રામને બળવામાં ખપાવી દીધો છે.



**રઘુવીર ચૌધરી**
**વરિષ્ઠ સાહિત્યકાર**

મારા મતે ૧૮૫૭ની એ લડાઈ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. તેને બળવો ત્યારે જ કહેવાય જ્યારે પોતાનું રાજ્ય હોય અને પોતાના પ્રતિનિધિ રાજા હોય અને તેમના અન્યાય સામે વિરોધ કર્યો હોય. બ્રિટિશરો તો વેપારી બનીને ભારતમાં આવેલા અને છેતરપિંડી કરીને ભારતમાં પોતાનું શાસન સ્થાપ્યું હતું એટલે તેમની સામે લડવું એ તો સ્વાતંત્ર્ય સંગ્રામ જ હોય. જો કે આ સમગ્ર ઘટનાક્રમને ઝીણવટપૂર્વક ચકાસવો જોઈએ, કારણકે તેમાં નેતૃત્વ કરનાર સેનાપતિઓને તેમનાં પોતાનાં પણ હિતો હતાં. તેમની સામે સમગ્ર પ્રજાનું સ્વાતંત્ર્ય અને કલ્યાણ ન હતું.



**રિઝવાન કાદરી**
**ઈતિહાસ સંશોધક**

૧૮૫૭નો વિપ્લવ ચોક્કસપણે સ્વાતંત્ર્ય સંગ્રામ હતો. એને બળવો કેવી રીતે કહી શકાય? શું અંગ્રેજોની એ સરકાર કાયદેસરની હતી? ના! તો સિપાઈઓએ જે લડાઈ આદરી એ તેમની આઝાદી માટેની હતી. આને બળવામાં કેવી રીતે ખપાવી શકાય. ભલે આમાં આખાયે દેશમાંથી સમર્થન ના મળ્યું હોય પણ ચોક્કસ એ સ્વતંત્રતા માટેની લડાઈ હતી.

## યહ હૈ આઝાદી કા ઝન્ડા, ઈસે સલામ હમારા

*હમ હૈ ઈસ કે માલિક હિન્દુસ્તાન હમારા*
*પાક વતન હૈ કૌમ કા જન્નત સે ભી પ્યારા*
*યે હૈ હમારી મિલ્કિયત હિન્દુસ્તાન હમારા*
*ઈસકી સુહાનિયત સે રોશન હૈ જગ સારા*
*કિતના કરીમ કિતના નઈમ, સબ દુનિયા સે પ્યારા*
*કરતી હૈ જરખેજ જીસે ગંગા-જમુના કી ધારા.*
*ઉપર બર્ફીલા પર્વત પહેરેદાર હમારા*
*નીચે સાહિલ પર બજતા સાગર કા નક્કારા*
*ઈસ કી ખાન ઉગલ રહી હૈ સોના, હીરા, પારા*

*ઉસકી શાનો-શૌકત કા દુનિયા મેં જયકારા*
*આયા ફિરંગી દૂર સે એસા મંતર મારા*
*લૂંટા દોનો હાથોં સે પ્યારા વતન હમારા*
*આજ શહીદોને હૈ તુમકો પહલે વતન લલકારા,*
*તોડો ગુલામી કી જંજીરે બરસાઓ અંગારા*
*હિન્દુ મુસલમાન શીખ હમારા ભાઈ- ભાઈ પ્યારા*
*યહ હૈ આઝાદી કા ઝન્ડા, ઈસે સલામ હમારા*

*(અજીમુલ્લાખાને ક્રાંતિના રંગે રંગાઈને રચેલું કાવ્ય )*

